# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ
(ગુજરાત પબ્લિક યુનિવર્સિટીઝ અધિનિયમ નં. ૧૫/૨૦૨૩)
BHAKTA KAVI NARSINH MEHTA UNIVERSITY, JUNAGADH
[ Gujarat Public Universities Act No. 15/2023 ]


## પરિપત્ર:

**વિષય: ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા -૨૦૨૫નું કોલેજ કક્ષાએથી આયોજન કરવા બાબત.**

**સંદર્ભ: 1 ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પત્ર જા.ક્ર.:- NSS/સ્પર્ધા/2025/1617-2166 તા.10/02/2025 મુજબ**

**2 ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી ના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/સાંસ્કૃતિક વિભાગ/05/2025 તા. 11/02/2025**

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી અને સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટેડ, સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનાં આચાર્યશ્રીઓને ઉક્ત સંદર્ભ પત્રના 2 ના અનુસંધાને પુન: જણાવવાનું કે, ચાલુ વર્ષ 2025માં ભારતીય સંસ્કૃતિના મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટે યુવા પેઢી જાગૃત થઈ ચિંતન મનન અને આચરણના પથ પર આગળ વધે તેવા ઉદ્દેશ્યથી **શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય અને “સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન”ના ઉપક્રમે “ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા 2025”નું** આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં આપની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી જે ઉક્ત સ્પર્ધામાં રસ ધરાવતા હોય તે વિદ્યાર્થીઓએ ઓનલાઈન પોર્ટલ https://gsvs2025.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.

“ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા 2025” સંદર્ભ પત્ર મુજબ મુખ્ય ત્રણ તબક્કામાં હોય જેમાં કોલેજ સ્તરની સ્પર્ધા 28 ફેબ્રુઆરી, 2025 સુધીમાં કોલેજ ખાતે આયોજન કરવું તથા સ્પર્ધામાં પ્રથમ ક્રમનાં વિજેતાની વિગત (વિજેતાનું નામ, વિજેતાની બેંકની વિગત) વગેરે નિયત કરેલ નમુનામાં ઉક્ત વેબસાઈટ પર આપવાની રહેશે. ત્યારબાદ કોલેજના વિજેતા વિદ્યાર્થીઓનો ઝોનલ કક્ષાએ(ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી)થી વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન સંભવિત તા.04/03/2025ના રોજ આયોજન કરવામાં આવશે જેની ટુંક સમયમાં માહિતગાર કરવામાં આવશે. તેમજ ઝોનલ કક્ષાની સ્પર્ધાના ટોચના ત્રણ વિજેતાઓને રાજ્ય કક્ષાએ આગળ ભાગ લેવા જવાનું રહેશે.

ઉક્ત કોલેજ કક્ષાએથી સ્પર્ધાનું આયોજન તા. 28 ફેબ્રુઆરી, 2025 સુધીમાં કરવું તેમજ પ્રથમ વિજેતા વિદ્યાર્થીની માહિતી જીઓ ટેગ ફોટા સાથે અત્રેની યુનિવર્સિટી ખાતે તા. 01 માર્ચ, 2025 સુધીમાં ઈમેઈલ: cultural.bknmu@gmail.com પર ઈમેઈલ કરવાનો રહેશે. તેમજ કોઈપણ માહિતી તે ક્વેરી માટે ઈમેલ કરવાનો રહેશે. સ્પર્ધાની વધુ માહિતી માટે સામેલ સંદર્ભ પત્રને વંચાણે લેવું.

**બીડાણ: (1) પત્ર જા.ક્ર.:- NSS/સ્પર્ધા/2025/1617-2166 તા.10/02/2025**

કલ્ચરલ કો-ઓર્ડીનેટર
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી,
જૂનાગઢ

ક્રમાંક/બીકેએનએમયુ/સાંસ્કૃતિક વિભાગ/07/2025
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્નમેન્ટ પોલીટિકનીક કેમ્પસ,
બીકેએનએમયુ રોડ,
ખડીયા, જૂનાગઢ-362263.
**તા. 25/02/2025**

**પ્રતિ,**
**ભ.ક.ન.મ.યુ. સંલગ્ન તમામ સરકારી, ગ્રાન્ટેડ,**
**સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ**
**નકલ સવિનય જાણ સારૂ:**

(1) માન. કુલપતિશ્રી/ કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી, ભ.ક.ન.મ.યુ., જુનાગઢ.
(2) આઈ.ટી સેલ, ભ.ક.ન.મ.યુ., જુનાગઢ. વેબસાઈટ પર પ્રસિદ્ધ થવા અર્થે....


સરકારી પોલીટેકનીક કેમ્પસ,
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી રોડ,
ખડીયા, જુનાગઢ–૩૬૨ ૨૬૩, ગુજરાત(ભારત)
ફોન નં.૦૨૮૫–૨૬૮૧૪૦૦ / ફેક્સ નં.૦૨૮૫–૨૬૮૧૫૦૩

Government Polytechnic Campus
Bhakta Kavi Narsinh Mehta University Road
Khadiya, Junagadh-362263 (Gujarat)
Ph: 0285-2681400 fax: 0285-2681503

Web: http://www.bknmu.edu.in || Email:registrar@bknmu.edu.in, cultural.bknmu@gmail.com

# ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી

**બ્લોક નં. ૧૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦/બી,**

**ગાંધીનગર-૩૮૨૦૧૦, ગુજરાત રાજ્ય.**

જા.ક્ર. :-NSS/સ્પર્ધા/૨૦૨૫/૧૬૧૭-૨૯૬૬ તા.૧૦/૦૨/૨૦૨૫

પરિપત્રઃ-

પ્રતિ,

- રજીસ્ટારશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત યુનિવર્સિટી તમામ.
- આચાર્યશ્રી, સરકારી, અનુદાનિત, બિનઅનુદાનિત કોલેજો તમામ.

**વિષય :- "ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – ૨૦૨૫"**

ભારતીય સંસ્કૃતિના મૂલ્યોના સંરક્ષણ અને સંવર્ધન માટે યુવા પેઢી જાગૃત થઈ ચિંતન – મનન અને આચરણના પથ પર આગળ વધે તેવા ઉદેશ્યથી **શિક્ષણ વિભાગ ગુજરાત રાજ્ય અને "સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન"ના ઉપક્રમે "ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – ૨૦૨૫"નું** આયોજન થવા જઈ રહ્યું છે. જેમાં સમગ્ર ગુજરાત રાજ્યની તમામ કોલેજો(સરકારી, અનુદાનિત અને સેલ્ફ ફાઈનાન્સ)માં અભ્યાસ કરતા વિધાર્થીઓ ભાગ લઈ શકશે.

ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા – ૨૦૨૫નો ઉદ્દેશ્ય રાજ્યભરના કોલેજના વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક મૂલ્યો પ્રત્યે જાગૃતિ લાવવા, યુવાનોના હૃદયમાં નૈતિક મૂલ્યો સ્થાપિત કરવા અને જાહેરમાં બોલવાની કુશળતા વધારવાનો છે.

કોલેજ કક્ષાએ ઉતીર્ણ થનાર વિધાર્થીને Best Speaker of Collegeથી સન્માનિત કરવામાં આવશે. ઝોન કક્ષાએ ઉતીર્ણ થનાર વિધાર્થીને Sanskrutik Speaker of Gujaratથી સન્માનિત કરવામાં આવશે. રાજય કક્ષાએ ઉતીર્ણ થનાર વિધાર્થીને Best Sanskrutik Speaker of Gujaratથી સન્માનિત કરવામાં આવશે. આમ આ સ્પર્ધામાં ભાગ લેવા માટે કોલેજના વિધાર્થીઓએ ઓનલાઈન પોર્ટલ **https://gsvs2025.gujgov.edu.in** પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**સ્પર્ધાનું માળખું:**

- **કોલેજ સ્તર:** પ્રથમ તબક્કાની સ્પર્ધા કોલેજમાં યોજાશે. કોલેજના ૨૫ વર્ષ સુધીના (૦૧/૦૧/૧૯૯૯ કે ત્યારબાદની જન્મ તારીખ ધરાવતા) વિધાર્થીઓ ભાગ લઇ શકશે. કોલેજ માંથી વિજેતા ઝોન સ્તરે પ્રવેશ મેળવશે.

- **ઝોન સ્તર:** બીજા તબક્કાની સ્પર્ધા ઝોન સ્તરે યોજાશે. દરેક ઝોનમાંથી ટોચના ત્રણ વિજેતાઓ ગુજરાત સ્તરની સ્પર્ધામાં ભાગ લેવા પાત્ર બનશે.
- **ગુજરાત સ્તર:** અંતિમ તબક્કાની સ્પર્ધા ગુજરાતના જાહેર સ્થળ પર યોજાશે.
- **વક્તવ્યનો સમય:** 5 મિનિટ
- ભાષા: ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજી
- વિજેતાને પુરસ્કાર આપવામાં આવશે તે વિગતો પછીથી જણાવવામાં આવશે.

**આ સ્પર્ધા ત્રણ તબક્કામાં યોજાશે.**

- પ્રથમ તબક્કો કોલેજ કક્ષાએ યોજાશે. કોલેજમાંથી એક વિજેતાને Best Speaker of Collegeનું પ્રમાણપત્ર અને ટ્રોફી પુરસ્કાર આપવામાં આવશે, તથા પ્રથમ ક્રમે આવનાર વિજેતાને ઝોન કક્ષાએ આગળ ભાગ લેવા જવાનું રહેશે. ઉપરાંત આ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને પણ પ્રમાણપત્ર આપવામાં આવશે.
- બીજો તબક્કો ઝોનલ કક્ષાએ યોજાશે. દરેક ઝોનમાંથી ટોચના ત્રણ વિજેતાઓ હશે. ત્રણ વિજેતાઓને રાજ્ય કક્ષાએ આગળ ભાગ લેવા જવાનું રહેશે.
- અંતિમ તબક્કો ગુજરાત સ્તરે યોજાશે. રાજય કક્ષાએ ઉતીર્ણ થનાર વિધાર્થીઓને Best Sanskrutik Speaker of Gujaratથી સન્માનિત કરવામાં આવશે.

**ઉપરોક્ત વકત્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાની સંભવિત તારીખો:**

- કોલેજ કક્ષા: તા. ૨૮/૦૨/૨૦૨૫ થી ૦૧/03/૨૦૨૫
- ઝોનલ કક્ષા: તા.03/03/૨૦૨૫ થી ૧૨/03/૨૦૨૫
- રાજ્યકક્ષા: જાણ કરવામાં આવશે.

નીચે જણાવેલ ઝોન મુજબ યુનિવર્સિટી કક્ષાએથી વકત્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે.

કોષ્ટક–૦૨

| ક્રમ | જિલ્લાનું નામ | ઝોનલ યુનિવર્સિટીનું નામ | |
|---|---|---|---|
| ૧ | જુનાગઢ પોરબંદર, ગીર સોમનાથ, દેવભૂમિ દ્વારકા | ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ | તા.૦૪/03/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |
| ૨ | અમરેલી, જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર અને મોરબી | સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, | તા.૦૫/03/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |

| | | | |
|---|---|---|---|
| ૩ | ભાવનગર, બોટાદ | મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, | તા.૦૬/૦૩/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |
| ૪ | ખેડા, આણંદ | સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર. | તા.૦૭/૦૩/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |
| ૫ | પંચમહાલ, દાહોદ, મહિસાગર, છોટા ઉદેપુર | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા | તા.૦૭/૦૩/૨૦૨૫ બપોરે ૨ – ૦૦ કલાકે |
| ૬ | કચ્છ | ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, કચ્છ | તા.૩/૦૩/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |
| ૭ | સુરત, નવસારી, વલસાડ, નર્મદા, ડાંગ, ભરૂચ અને તાપી | વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત | તા.૮/૦૩/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |
| ૮ | મહેસાણા, પાટણ, બનાસકાંઠા અને સાબરકાંઠા, અરવલ્લી | હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ | તા.૧૦/૦૩/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |
| ૯ | વડોદરા | વડોદરા મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, બરોડા | તા.૦૭/૦૩/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |
| ૧૦ | ગાંધીનગર | નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર | તા.૧૧/૦૩/૨૦૨૫ બપોરે ૨ – ૦૦ કલાકે |
| ૧૧ | અમદાવાદ | ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ | તા.૧૧/૦૩/૨૦૨૫ સવારે ૯ – ૦૦ કલાકે |

આ વકૃત્વ સ્પર્ધા માટે કોલેજો અને ઝોનલ કક્ષ કરવાની થતી કામગીરીની વિગતો :

➢ તમામ કોલેજોએ કોલેજમાં વકૃત્વ સ્પર્ધાનું ઉપરોક્ત તારીખો સુધીમાં આયોજન કરીને પ્રથમ વિજેતા નક્કી કરીને વિજેતાઓની વિગતો(વિજેતાનું નામ, વિજેતાની બેંકની વિગત વગેરે) નિયત કરેલ નમુનામાં(કોલેજના આચાર્યશ્રીની સહીથી) Websiteમાં આપવાની રહેશે.

- જે કોલેજોના ટકાવારી અનુસાર સૌથી વધુ વિધાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લેશે તેવી પ્રથમ ૧૦ કોલેજોના આચાર્યશ્રીઓ અને કો-ઓર્ડીનેટરશ્રીઓને પ્રશસ્તિ પત્રથી સન્માનિત કરવામાં આવશે.
- આજ રીતે ઝોનલ કક્ષાની વકૃત્વ સ્પર્ધાનું ઉપરોક્ત તારીખોમાં આયોજન કરીને પ્રથમ–દ્વિતીય–તૃતીય વિજેતા નક્કી કરીને વિજેતાઓની વિગતો (વિજેતાનું નામ, વિજેતાની કોલેજ/યુનિવર્સીટીનું નામ, વિજેતાની બેંકની વિગત વગેરે) નિયત કરેલ નમુનામાં(ઝોનલ યુનિવર્સીટીના કો- ઓર્ડીનેટરની સહીથી) મોકલી આપવાની રહેશે.
- **આ સ્પર્ધા માટે સબંધિત કોલેજ અને સબંધિત ઝોનલ યુનિવર્સીટીએ કો–ઓર્ડીનેટરની નિમણૂક કરવાની રહેશે. તથા આ સંદર્ભે નિમણૂક કરેલ નોડલ ઓફિસરની વિગતો અને સ્પર્ધાના આયોજનની તારીખ Websiteના માધ્યમે મોકલી આપવાની રહેશે.**
- તમામ વિજેતાઓને શિક્ષણ વિભાગ દ્વારા DBT મારફત ઇનામની રકમ ફાળવવામાં આવશે.
- **આ સ્પર્ધાના માધ્યમથી વિધાર્થીઓ કુશળ વક્તા બને તેની તાલીમ માટે તથા આ સ્પર્ધાના વિષયને લગતા નિષ્ણાતોના ઓનલાઈન વ્યાખ્યાન પણ ગોઠવવામાં આવશે.**
- **સ્પર્ધકે નીચેના વિષયો અને તેના આંતરિક મુદ્દાઓંના આધારે કોઈ પણ એક વિષય ઉપર પોતાનું વક્તવ્ય આપવાનું રહેશે.**

**વિષયો:**

**(૧) ચારિત્ર નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ**

પ્રસ્તાવના:

ચારિત્ર એટલે શું?

ચારિત્ર નિર્માણ માટે કયા ગુણો આત્મસાત કરવા પડે ?

યુવા જીવન બરબાદ કરનારા તત્વો

અશ્લીલ કાર્યક્રમોના સંપર્કર્મા રહેવાના કારણે થઇ રહેલું નુકસાન

રાષ્ટ્ર નિર્માણમાં ચારિત્ર સંપન્ન યુવાનોની ભૂમિકા

ઉપસંહાર

**(૨) સંવિધાન @ ૭૫:**

પ્રસ્તાવના:

દરેક નાગરિકને સન્માન અને ગૌરવ સાથે જીવવાનો અધિકાર અપાવતો દસ્તાવેજ

ભારતીય નાગરિક તરીકેની જવાબદારીઓ અને રાષ્ટ્ર પ્રત્યેની ફરજો:

ઉપસંહાર

**(૩) યુવાનો: દેશનું ભવિષ્ય – વિકૃતિઓથી બચીને સંસ્કારો તરફ વળીએ**

પ્રસ્તાવના:

યુવાનીના પગથારેથી

આજના યુગમાં યુવાનો સામે રહેલા ફેશન, વ્યસન અને અશ્લીલ સામગ્રીના પડકારો

સંસ્કારો અને મર્યાદાનું મહત્વ

સંસ્કારવાન યુવાનો, રાષ્ટ્રનું ભવિષ્ય.

ઉપસંહાર

**(૪) માન – મર્યાદા અને સુશીલતા: ભારતીય સંસ્કૃતિનો પાયો**

પ્રસ્તાવના

માન: વડીલો, ગુરૂજનો અને નારી પ્રત્યે આદર.

મર્યાદા: મર્યાદા, શિષ્ટાચાર અને નીતિમત્તાનું પાલન

સુશીલતા: વાણી – વસ્ત્ર અને વ્યવહારમાં સુશીલતા

આ મૂલ્યોને કેવી રીતે આપણા રોજિંદા જીવનમાં ઉતારી શકાય?

મૂલ્યોનું જતન: શિક્ષણ, પરિવાર, અને સમાજની ભૂમિકા.

ઉપસંહાર

**(૫) વિકસિત ભારત ૨૦૪૭: ભવ્ય ભારત – દિવ્ય ભારત**

પ્રસ્તાવના:

૨૦૪૭માં ભારતની કલ્પના – આર્થિક, સામાજિક, અને ટેકનોલોજીકલ વિકાસ.

સર્વાંગી વિકાસ દ્વારા ભારતને ભવ્ય ભારત – દિવ્ય ભારત – બનાવવાનું લક્ષ્ય.

યુવાનોની ભૂમિકા–નવીન વિચારો, ઉધોગસાહસિકતા, ટેકનોલોજી

ઉપસંહાર

ઉપરોકત **"ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા–૨૦૨૫"** અંગે વિધાર્થીઓને જાણકારી પ્રાપ્ત થાય તે રીતે પરિપત્ર નોટીસ બોર્ડ પર લગાડી જાહેરાત કરવાની રહેશે. વિશાળ સંખ્યામાં વિધાર્થીઓને આ સ્પર્ધામાં ભાગ લેવા માટે પ્રેરણા કરશો.

નોંધ પર મળેલ માન.નિયામકશ્રીના આદેશાનુસાર

રાજય એન.એન.એસ. અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુ.રા., ગાંધીનગર

**નકલ રવાના જરૂરી કાર્યવાહી સારૂ :**

- સી.ઇ.ઓ., નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત પ્રજ્ઞાપુરમ, એલ.ડી.ઇજનેરી કોલેજ પાસે,પી.આર.એલ. સામે, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૧૫.